# Fun with Family

Day-24 | 22 April, 2020





## "FWF Song"



હું જ્ઞાનનો ભંડાર છું, આનંદ સૌને કરાવું છું.
રોજ નવી રમત લાવું છું, બાળકને સંસ્કારી બનાવું છું.
કુટુંબમાં સંપ વધારું છું, તો બોલો...હું કોણ છું?
Yes, You're right I'm 'Fun with Family.'

## ''શ્રી નીલકંઠવર્ણીની... જય...''



બાળમિત્રો, આજે નીલકંઠવર્ણી મહારાજના જીવનનું જ્ઞાન આપતી એક સુંદર ક્વીઝ આપની સામે મૂકી છે...
લીંક દબાવો અને ક્વીઝમાં ભાગ લો...

https://bit.ly/2KoMmUY

## ''પ્રભુને પ્રાર્થના''



ચાલો, આ બીમારીથી આખા વિશ્વની રક્ષા ભગવાન કરે તે માટે પ્રાર્થના કરીએ...
આખો પરિવાર સાથે મળી... લાઈટ બંધ કરી...
ઘરમંદિરમાં દીવો પ્રગટાવી પ્રાર્થનામાં જોડાઈએ...

https://bit.ly/2XTHPSd

# ‘‘મૂર્તિ દર્શન’’

આજે અમાસ છે... આજે શ્રી હરિકૃષ્ણ મહારાજે સુંદર વાઘા ધારણ કર્યા છે... તેમના દર્શન કરીએ અને કરાવીએ...





## "ક્વીઝ હાજર છે..."

Friends, Get ready for Quiz...

https://bit.ly/2VLfKtH | Guj.

https://bit.ly/2RXklaX | Hin.

https://bit.ly/34Uoulf | Eng.

## "સફાઈ સેવક"

બાળમિત્રો, પહેરી લો આપણી પટ્ટી માથા પર...
અને આજે ઘરમાં પીવાના પાણીની જગ્યા સાફ કરીશું...
જેમાં ફીલ્ટર પ્લાન્ટ, માટલું, ગ્લાસ, વોશબેસીન વગેરે બધું જ સાફ કરીશું... પણ મમ્મીની આજ્ઞા પ્રમાણે... OK...



## ‘‘વાર્તા રે વાર્તા’’



હવે, પરિવારના બધા સભ્યો કુંડાળે બેસશે અને બધાએ મળીને એક સુંદર વાર્તા તૈયાર કરવાની છે...

**વિષય : ‘‘કુસંગ’’**

વાર્તા બનાવવાની રીત :

(૧) કોઈ એક સભ્ય વાર્તાની શરૂઆત કરવા એક વાક્ય બોલશે.

■ દા.ત. એક હતો રાજા...

(૨) બીજો વ્યક્તિ - પહેલા વ્યક્તિનું વાક્ય બોલી તેમાં પોતાનું વાક્ય ઉમેરશે...

■ દા.ત. એક હતો રાજા... તેને ૧૦૦ રાણી હતી.

(૩) આ રીતે બધા સભ્યો પોતાનું વાક્ય ઉમેરતા જશે અને વાર્તા તૈયાર થશે.

(૪) તે વાર્તા લખીને અમને મોકલી આપશો...





## ‘‘ક્રીમની મજા’’

ચાલો, એક રમત રમીએ...
થોડી મસ્તી કરીએ...
મજા કરીએ...

https://bit.ly/3buFscv

## "Air India Flight"

બાળમિત્રો, તૈયાર છો પ્લેનમાં ફરવા જવા માટે ???... તો ચાલો, પહેલા પ્લેન તો બનાવીએ. પછી તેમાં બેસી ફરવા જઈશું... OK...
લીંક દબાવો અને શીખો...



https://bit.ly/2VrWlil



## "My Visiting Card"

મોટા થઈશું... મોટા માણસ બનીશું...
ખૂબ આગળ વધીશું... પણ ત્યારે આપણું Visiting Card કેવું હશે ?... ચાલો અત્યારે જ Design કરીએ...
પપ્પાને પૂછો કે Visiting Card માં શું શું હોય...??...







# Family Sports Day

## Coming Soon

બાળમિત્રો... તૈયાર રહેજો...

પરિવારને તૈયાર કરજો...




Fun with Family

## "My Guru, My Life"

મહંત સ્વામી મહારાજ આપણા બાળકોના જ છે...
સ્વામી આપણા અને આપણે સ્વામીના...
ચાલો, એક વીડીયો દ્વારા જોઈએ કે તેઓ આપણને કેટલો પ્રેમ કરે છે...

https://bit.ly/2yu5Jcv



## “થોડું સંભાળીને હોં...”

ચાલો, હવે આખા પરિવાર માટે Challenge... કોણ આ રમત પૂરી કરી શકે છે ?... જોઈએ, કોની એકાગ્રતા કેટલી છે...??

https://bit.ly/2x23CME





## “આ શેમાંથી બને ?”

હવે, મમ્મી પાસેથી નીચે લખેલી વાનગી કયા અનાજમાંથી બને છે?? તે જાણીશું અને તે અનાજ જોઈશું... ખૂબ મજા આવશે...

૧. રોટલી
૨. ભાતની દાળ
૩. ભાખરી
૪. થેપલા
૫. લાડુ
૬. પૂરી
૭. કઢી
૮. ખમણ





# "I don't know English"

ચાલો, આજે થોડી English માં વાત કરતા શીખીએ...
અહીં આપેલા dialogue ની ઘરના સભ્યો સાથે મળી પ્રેક્ટીસ કરશો...




તમારું સ્વાગત છે (આવો / પધારો).
Tamaaru swaagat chhe (aavo / padhaaro)
You are welcome.

---

શું હું અહીં બેસી શકું છું !
Shun hun aheen besee shakun chhun.
May I sit here please ?

---

આરામથી બેસો.
Aaraamathee beso.
Please make yourself comfortable.

---

તમારી શૈક્ષણિક લાયકાત શું છે ?
Tamaaree shaikshanik laayakaat shun chhe ?
What is your educational qualification ?

તમે શું પીશો ? ચા કે કોફી ?
Tame shun pisho ?
Chaa ke kofee ?
What would you like to have ? Tea or Coffee.

---

હું ચા અને કોફી બન્ને પીતો નથી.
Hun chaa ane kofee banne peeto nathee.
I neither drink tea nor coffee.

---

હું બી.એ.પી.એસ.નો સત્સંગી છું.
Hun BAPS no satsangi chhun.
I am a devotee of BAPS.

---

શું સમય થયો ?
Shun samay thayo ?
What is the time ?



# “હળવાશ...!”



**જયેશ** : તું હૉસ્પિટલમાંથી ભાગી શા માટે આવ્યો ?

**દિનેશ** : નર્સ કહેતી હતી, ‘ગભરાવાની જરૂર નથી. આ તો એકદમ સામાન્ય ઓપરેશન છે.’

**જયેશ** : પણ તેનાથી તું શા માટે ભાગ્યો ?

**દિનેશ** : અરે... એ મને નહીં... ડૉક્ટરને તે પ્રમાણે કહેતી હતી.

---



**વેઈટ્રેસ** : સર, આ પિત્ઝાના હું કેટલા ટુકડા કરું... છ કે આઠ... ?

**મગન** : છ ટુકડા જ કરજે... હું આઠ ટુકડા ખાઈ નહીં શકું.

---

**બિનલ** : તું અરીસા સામે આંખો બંધ કરીને શા માટે ઊભી છે ?

**જીનલ** : એ તો હું એ જોવા માગતી હતી કે મારી આંખો બંધ હોય ત્યારે હું કેવી લાગું છું !



---



**ભોલુરામ** : ડૉક્ટર સાહેબ, મને બે પ્રકારની બીમારી છે. એક તો હું બધું ભૂલી જાઉં છું.

**ડૉક્ટર** : ... અને બીજી કંઈ બીમારી છે ?

**ભોલુરામ** : કઈ બીમારીની વાત કરો છો ડૉક્ટર સાહેબ ?

---



**શિક્ષક** : મને કોઈ એવું વાક્ય જણાવો કે જેની શરૂઆત ‘I’ થી થતી હોય.

**ડબુ** : I is the...

**શિક્ષક** : ખોટું... ખોટું... I પછી ક્યારેય ‘is’ આવે નહીં પણ ‘am’ આવે.

**ડબુ** : ભલે, I am the ninth letter of the alphabet.

---



રામુ અને શ્યામુ સ્ટેડિયમ પર પહોંચ્યા.

**રામુ** : આ બધા લોકો શા માટે દોડી રહ્યા છે ?

**શ્યામુ** : આ રેસ છે. તે બધામાંથી જે જીતશે તે એકને કપ આપવામાં આવશે.

**રામુ** : જો કપ વિજેતા એકને જ આપવાનો હોય, તો બીજા બધા શા માટે દોડે છે ?

---

**રાજન** : ભગવાને મને બહુ સારો દીકરો આપ્યો છે... !

**રામલાલ** : તે ક્યારેય ઘરે મોડો આવે છે ?


**રાજન** : ના, ક્યારેય નહીં.

**રામલાલ** : તે સિગારેટ કે દારૂ પીએ છે ?

**રાજન** : અરે હાથ પણ લગાડતો નથી.

**રામલાલ** : તો તો ખરેખર તારો દીકરો ઘણો સારો કહેવાય. પણ એ તો કહે કે તેની ઉંમર કેટલી છે ?

**રાજન** : છ મહિના.



**શિક્ષક** : તને તારા પપ્પા લેશન કરવામાં મદદ કરે છે ?
**પિન્કુ** : અરે ! મદદની શું વાત કરો છો... ! બધું લેશન તેઓ જાતે જ કરી નાંખે છે.

**પપ્પા** : પ્રિયા, આજે તે જમતાં પહેલાં ભગવાનને પ્રાર્થના કરી નહીં... ?
**પ્રિયા** : પપ્પા, ચિંતા ન કરો... આજે રસોઈ મમ્મીએ નહીં પણ દાદીમાએ બનાવી છે.



**પાર્થ** : અરે... તારી છત્રીમાં તો મોટું કાણું પડ્યું છે ... !
**મેગી** : અરે પડ્યું છે શું... મેં જ પાડ્યું છે.
**પાર્થ** : તેં પાડ્યું ?! શા માટે ?
**મેગી** : અરે કાણું ન હોય તો મને ખબર કેવી રીતે પડે કે વરસાદ બંધ થયો કે નહીં...




રેલવે સ્ટેશને વેઈટિંગ રૂમમાં બેઠેલો મુસાફર રેલવે માસ્તરને કહેવા લાગ્યો.
ટ્રેન જો રોજ મોડી આવતી હોય, તો આ ટાઈમટેબલ મૂકવાનો અર્થ ખરો ...?!
**સ્ટેશન માસ્તર** : ટ્રેન જો સમયસર આવી જાય, તો આ વેઈટિંગ રૂમ બનાવવાનો કોઈ અર્થ ખરો...?!



**શનિ** : બન્ની, તું ક્યાં જાય છે ?
**બન્ની** : મારી મમ્મીને માથું દુઃખે છે. તેના માટે કેમિસ્ટ પાસે માથાની ગોળી લેવા માટે જાઉં છું.
**શનિ** : મને લાગે છે કે હવે ગોળી ગળવાની જરૂર પડશે નહીં. તેના વગર જ માથું ઊતરી જશે. કારણ કે તું જો ઘરની બહાર આવી ગઈ.



**એરપોર્ટ પર એક યાત્રી એક માણસને** : એય, જા જલદી તારી ટેક્સી લઈ આવ.
**પેલો માણસ ગુસ્સે થઈને** : હું ટેક્સી ડ્રાઈવર નહીં... હું તો પાઈલટ છું.
**યાત્રી** : ભલે કાંઈ વાંધો નહીં, જા અને તારું વિમાન લઈ આવ.



**મિન્ટુ** : ચિન્ટુ ! મારા માટે મંગાવેલી દસમા ધોરણની ચોપડી તું લાવ્યો ?
**ચિન્ટુ** : દસમા ધોરણની તો મળી નહીં, તેથી પાંચમા ધોરણની બે ચોપડીઓ લઈ આવ્યો. ચાલશેને... ?



એક માણસે કૂતરાના ડૉક્ટરને ફોન કર્યો.
'મારો કૂતરો પેટ્રોલ પી ગયો છે. અને હાલ રૂમમાં આમથી તેમ આંટા મારી રહ્યો છે. હવે મારે શું કરવું ?'
**કૂતરાના ડોક્ટર** : ગભરાશો નહીં, અને કંઈ કરશો પણ નહીં. કેમ કે પેટ્રોલ ખલાસ થઈ જશે એટલે કૂતરો તેની મેળે ઊભો રહી જશે.

Story Time

# કમળનું ફૂલ



એક સુંદર બગીચો હતો. તેમાં એક નાનકડું તળાવ હતું. લક્ષ્મણ નામના માળીએ આ બગીચો ખૂબ જતનથી ઉછેર્યો હતો. એક દિવસ લક્ષ્મણ બગીચામાં કામ કરતો હતો, ત્યારે અચાનક તેનું ધ્યાન તળાવ તરફ ગયું. તેણે તળાવમાં કમળનું એક વિશિષ્ટ ફૂલ જોયું અને તરત જ તે ફૂલ તોડી લીધું.



તેને થયું કે આ કમળનું મૂલ્ય સારું આવશે. તે ઝડપથી નગર તરફ ઊપડ્યો. રસ્તામાં તેને એક શેઠ મળ્યા. એ શેઠે લક્ષ્મણ પાસેથી બે સોનામહોરમાં કમળ માગ્યું, પણ લક્ષ્મણ માળીએ કમળ ન આપ્યું અને ત્યાંથી તે આગળ ચાલતો થયો.



રસ્તામાં તેને એક વેપારી મળ્યો. તેણે આ કમળ ચાર સોનામહોરમાં માગ્યું. લક્ષ્મણ રાજી થઈ ગયો. તે કમળ આપવા જ જતો હતો, ત્યારે તેને લોભ જાગ્યો અને તેણે વિચાર્યું, ‘જો આ વેપારી મને ચાર સોનામહોર આપતો હોય, તો રાજા મને આના કરતાં વધારે સોનામહોર આપશે.’ તેથી તેણે વેપારીને કમળ આપવાની ‘ના’ પાડી દીધી.

**બાળમિત્રો, અહીં આપેલી વાર્તા આપણે આજે તૈયાર કરવાની છે અને Action સાથે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**

આગળ જતાં તેને રાજાના મંત્રી મળ્યા. લક્ષ્મણે કહ્યું, 'હું આ કમળ રાજાને આપવા જાઉં છું.' મંત્રી કહે, 'નગરના પાદરે એક મહાન સંત મહાત્મા પધાર્યા છે. રાજા તેમનાં દર્શન કરવા જઈ રહ્યા છે...' મંત્રીની વાત સાંભળીને લક્ષ્મણને થયું કે સંત મહાત્મા તો રાજા કરતાં પણ વળી મોટા લાગે છે! આ કમળ હું સંત મહાત્માને જ આપું કે જેથી કમળનું મૂલ્ય વધારે આવે.





એમ વિચાર કરીને લક્ષ્મણ સંત મહાત્મા પાસે પહોંચ્યો. સભામાં સંત કથાવાર્તા કરતા હતા : 'ભગવાન સૌથી મોટા છે. દુનિયાના તમામ જીવોનું પાલનપોષણ કરે છે. સૌને પોતાની ક્ષમતા પ્રમાણે ધનસંપત્તિ વગેરે આપે છે. માટે કદી લોભ કરવો નહીં. કારણ કે અતિલોભ તે સર્વ પાપોનું મૂળ છે.'



સંત-મહાત્માની વાત સાંભળી લક્ષ્મણનો લોભ દૂર થયો. તેને એ પણ જ્ઞાન થયું કે સંત અને ભગવાન મહાન છે. તેથી તેણે સંત-મહાત્માને પ્રણામ કર્યા. ભગવાનનાં ચરણોમાં કમળ ધર્યું. અને જ્ઞાન પામી ખુશ થતો ઘરે ગયો.

**બોધ :**
કમળ એટલે આપણું જીવન. તેને ભગવાન અને સંતને ચરણે ધરીએ, તો તેનું સૌથી વધુ મૂલ્ય થાય.

**યાદ રાખજો આ વાર્તા આજે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**

# Bheem and Hanuman

Bheem was a strong warrior. Howevever, he could also be a prideful warrior. He thought he was greater than everyone and that everyone should do as he said. Once, he came upon an old monkey sleeping in his path. Bheem yelled, “Oy! Old man! Get out of the way!”








The monkey replied, “I’m feeling sick. I can’t move. Just pass from the side.” “Why would I go around. I’m the most powerful man. If you won’t move, I’ll throw you aside,” Bheem roared. “Haha. Forget throwing me aside; just lift my tail, why don’t you?”

**Friends, today you have to prepare this story and present it to the parents.**


Bheem tried lifting the tail with just one hand. He couldn't even get under the tail! He dropped his mace and tried lifting the tail with both hands. He grunted and growled, but the tail did not move. The monkey snickered, "Sure you're really strong? You can't even move my tail!"




Bheem realised his mistake and bowed to the old monkey. That's when he realised this was no ordinary monkey. This was Hanumanji himself.

Hanumanji told Bheem, "Brother, you are truly strong. But you should never be prideful about your abilities." Bheem accepted his mistake and learned his lesson.





**Remember, you have to perform this story in front of Mom and Dad.**




























**Friends, આપને ખૂબ જ આનંદ થશે કે...**
**"Fun with Family" ની બધી activity દેશ-વિદેશમાં**
**રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યા છે...**
**તો આવો... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલા**
**ફોટોગ્રાફ્સને જોઈએ અને આનંદ કરીએ...**
**નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફ્સ જોઈ શકશો.**

https://bit.ly/2VLVNmD



# આપનો ડૉક્ટર મિત્ર

## અને હા...
## આટલું તો ખાસ ધ્યાન રાખીશું...



**ઉધરસ/છીંક આવે તો રૂમાલ રાખીને ખાશો.**



**ઘરમાં એકબીજા સભ્યોથી દૂર રહો.**



**દર ૨૦ મિનિટે સાબુથી ઘસીને હાથ ધોઈ નાંખશો.**



**ઘરની બહાર નીકળવું નહિ.**



**આંખ, મોઢું, નાકને સ્પર્શ કરવાનું ટાળો.**

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. **( 9998999209)**

https://bit.ly/2UF4j7o

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી તે પ્રવૃતિના ફોટોગ્રાફ્સ મોકલીશું નહિં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org

પ્રયોજક : બાળપ્રવૃતિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.
પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ